વડીલોને વંદન અભિનંદન



પ્રેમશંકર વસનજી ભટ્ટ
(૧૯૨૭)ફોન: ૨૩૨૬૦૨૪૭

સે-૩માં રહેતી ૩૨ વર્ષીય યુવતી અઠવાડિયાથી લાપતા

શહેરના સે-૩-બીમાં રહેતી ૩૨ વર્ષીય યુવતી હેમા ઉર્ફે પિન્કી સોલંકી એક અઠવાડીયા પહેલા ૧૮ ડીસેમ્બરે પોતાના ઘરેથી નીકળી હતી. શરીરે મજબુત બાંધાની, રંગે ઘઉં વર્ણ યુવતીને ગળા ઉપર તલ છે.ગુમ થનાર આ યુવતીની પરિવારજનોએ શોધખોળ કરી છતાં કોઈ પત્તો ન મળતા સે-૭ પોલીસને જાણવા જોગ અરજી આપી છે. પોલીસે ગુમ થયા અંગે નોંધ કરી ગુમ યુવતીની શોધખોળ આરંભી છે.

સે-૧/૨ના વસાહતીઓના પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવા જાહેરસભા

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા શહેરના સેકટર-૧ અને ૨ના પડતર પ્રશ્નોના નિરાકરણ માટે જાહેરસભા યોજવામાં આવશે. સે-૧ અને ૨ના પડતર પ્રશ્નોને વાચા આપવા માટે ૨૮ ડિસેમ્બર શનિવાર બપોરે ૩ કલાકે સેકટર-૨ના બગીચા ખાતે યોજવામાં આવશે. સભામાં સેકટરના વસાહતીઓને ઉપસ્થિત રહેવા શહેર જાગૃત નાગરિક પરિષદે જણાવ્યું છે.

જલારામ ધામ ખાતે પૂજ્ય રમાબેન હરીયાણીની વ્યાસપીઠે યોજાયેલ રામકથામાં ગુરુવારે સાંજે રામવિવાહનો પ્રસંગ ભાવસભર રીતે ઉજવાયો હતો. રામ ભગવાનની જાન જોડીને ભાવકો ઉત્સાહપૂર્વક મંડપમાં પ્રવેશ કર્યો ત્યારે જનક રાજા અને પરિવારે ભાવભીનું સ્વાગત કર્યું હતું. લગ્નનો માહોલ સુંદર સર્જાયો હતો. સૌ શ્રોતાઓ ભાવસભર બની રામ-સીતાના વિવાહને માણ્યા હતા. (તસવીર : દિપક જાની)

જીટીયુ સંલગ્ન કોલેજો દ્વારા પેટર્ન મેળવવામાંય કૌભાંડ

અમદાવાદ, તા.૨૬

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીમાં વહીવટી અનેક ખામીઓ અવારનવાર સામે આવે છે પરંતુ યુનિવર્સિટી સંલગ્ન કોલેજો દ્વારા અવનવા પેતરા અજમાવીને સરકાર અને લોકોની આંખમાં ધુળ નાખવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આવો જ એક બનાવ સંશોધનની પેટર્ન મામલે આવ્યો છે. જેમાં કોલેજો દ્વારા જુના સંશોધનની પેટર્નને જ રિન્યુ કરાવી કરોડોની ગ્રાન્ટ ચાલુ કરવામાં આવે છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ વિદ્યાર્થીઓમાં પુસ્તકીયા જ્ઞાનની સાથે સાથે સંશોધનનું જ્ઞાન વિકસે અને એ સંશોધન સમાજ માટે ઉપયોગી બને તે માટે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા કરોડો રૂપિયાની ગ્રાન્ટ યુનિવર્સિટીને ફાળવવામાં આવશે. યુનિવર્સિટી આ ગ્રાન્ટ સંલગ્ન કોલેજોમાં વહેંચવામાં આવતી હોય છે. કોલેજોએ આ ગ્રાન્ટનો ઉપયોગ વિદ્યાર્થીઓને સંશોધન માટેની સવલતો ઉપલબ્ધ કરાવવા માટે થતો હોય છે. આ દરમિયાન કોઈ વિદ્યાર્થી કંઈક અલગ સંશોધન કરવામાં સફળ રહે તો તેની પેટર્ન લેવામાં આવે છે. યુજીસી ગ્રાન્ટ ફાળવ્યા બાદ યુનિવર્સિટીમાં કેટલા સંશોધનો થયા અને કેટલા સંશોધનની પેટર્ન મેળવાઈ તેનો હિસાબ માંગે છે અને તેના આધારે આગામી ગ્રાન્ટ ફાળવા અંગે નિર્ણય કરવામાં આવે છે ત્યારે જીટીયુ સંલગ્ન કેટલીક કોલેજોમાં આ નાણાંનો ઉપયોગ સંશોધનોની પેટર્ન પુરી થઈ ગઈ હોય તેને જ ફરીથી રજુ કરી નવેસરથી પેટર્ન કરાવવામાં આવે છે. આવી જ ઘટના અમદાવાદના સાયન્સસીટી રોડ ઉપર આવેલ સાલ ઈન્સ્ટિટ્યુટ દ્વારા પોતાની જ કોલેજના જુના વિદ્યાર્થીઓના સંશોધન કે જેની પેટર્ન પુરી થઈ ગી હોય તેને ફરીથી રજુ કરીને નવા વિદ્યાર્થીઓના નામ પેટર્ન મેળવવામાં આવે છે ત્યારે જો કોલેજમાં સંશોધન જ ન થતા હોય તો સંશોધન માટે મળતી કરોડોની ગ્રાન્ટ ક્યાં જાય છે તે એક મોટો પ્રશ્ન છે. આ અંગે જીટીયુના કુલપતિ અક્ષય અગ્રવાલે જણાવ્યું હતું કે જીટીયુ આગળ જે કોલેજો સંશોધન રજુ કરે છે તેને જીટીયુ પેટર્ન માટે મોકલી આપે છે તેથી આવું કંઈ થઈ રહ્યું હોવાનું જીટીયુનાં ધ્યાનમાં નથી અને જો આવું થતું હશે તો તેની તપાસ કરાવીને જવાબદારો સામે પગલાં લેવાશે.



ભારતીય જનતા પાર્ટીના પાયાના વડીલ અને પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપાઈજીના ૮૯માં જન્મદિનની ઉજવણી બનાસકાંઠા જિલ્લામાં ભારે ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં અગ્રણી કાર્યકરો જોડાયા હતાં. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ટ્રકમાં કતલખાને લઈ જવાતા ૧૭ ગૌવંશને બચાવી લેવાયા

અમદાવાદ, તા.૨૬

રાજયમાં અવારનવાર ગૌવંશોને કતલખાને લઈ જવાતા હોવાના બનાવો પ્રકાશમાં આવતા હોય છે ત્યારે આજે વધુ એક બનાવ ધોલેરા-ભાવનગર હાઈવે પર બનવા પામ્યો છે. જ્યાં બગસરાથી ૧૭ જેટલા ગૌવંશો ભરેલી ટ્રકને કતલખાને લઈ જવાતી હતી તેવી બાતમી મળતા જીવદયા પ્રેમી દ્વારા વિસ્તારમાં વોચ ગોઠવીને ગૌવંશોને કતલખાને લઈ જતાં બચાવી લેવામાં સફળતા મળી છે. ટ્રકના ડ્રાઈવર સહીત અન્ય એક શખ્સ ફરાર થઈ ગયા હતા. આ અંગે સ્થાનિક પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, આજે સવારે ૯:૩૦ વાગ્યાના અરસામાં જીવદયા પ્રેમીઓને બાતમીના આધારે ધોલેરા-ભાવનગર હાઈવે પાસે વોચ ગોઠવી હતી ત્યારે હાઈવે પરથી પસાર થતી ટ્રક (જીજે-૧-એસી-૨૫૭૭)ને રોકીને તપાસ કરતાં ટ્રકમાંથી ૧૭ જેટલા ગૌવંશો મળી આવ્યા હતા તેમજ ટ્રકનો ડ્રાઈવર અને અન્ય એક શખ્સ ફરાર થઈ ગયા હતા. આ અંગેની જાણ થતાં પોલીસ કાફલો પણ ઘટના સ્થળે દોડી આવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી તેમજ મુંગા-અબોલા ગૌવંશોને પાંજરાપોળ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર (સ્પોર્ટ ઓથોરીટી ઓફ ગુજરાત) દ્વારા આયોજિત ખેલ મહાકુંભ ૨૦૧૩ અંતર્ગત સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર ગાંધીનગરના ધો-૯ (અ)ના વિદ્યાર્થી જયેશ વિષ્ણુભાઈ મકવાણાએ ૧૬ વર્ષથી નીચેની વય જૂથમાં હોકી રમતમાં ગાંધીનગર કોર્પોરેશનમાંથી રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ પ્રથમ સ્થાન મેળવીને ગાંધીનગરનું અને શાળાનું ગૌરવ વધારેલ છે. શાળાના આચાર્યશ્રી એસ.આર. જોષી તથા શાળા પરિવારે તેની આ સિદ્ધિ બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.

શબ્દાવલી - ૫૨૬૯



આડી ચાવી

૧. પ્રજાના પ્રતિનિધિની સભા (૪)
૩. યોગ્ય, ઉચિત (૩)
૫. વેલ (૨)
૬. કીર્તિ, આબરૂ, પ્રતિષ્ઠા(૨)
૮. પ્રધાન, શતરંજનું મહોરૂં (૩)
૯. એક તેજાનો, ઝાડની છાલ (૨)
૧૧. સમારકામ (૩)
૧૨. ચોમાસુ પાક (૩)
૧૪. ભાવ, રેટ (૩)
૧૬. જીદ્દ (૨)
૧૭. આદર, સત્કાર (૪)
૧૯. કુમળુ, મુલાયમ (૩)
૨૦. સંમતિ સૂચક ઉદ્‌ગાર(૧)

ઊભી ચાવી

૧. લોકોના ભલા માટે (૪)
૨. દયા સાથે, દયાળુ (૩)
૩. પૃથ્વીને વીંટવાઇને રહેલું વાયુનું આવરણ (૫)
૪. ખેતીમાં બી માટે કાઢવામાં આવતું અનાજ (૪)
૭. પ્રતિષ્ઠિત, આબરૂદાર(૩)
૧૦. ઘા, વ્રણ (૩)
૧૩. રસમ, રિવાજ, રૂઢી (૨)
૧૪. વિરાટનગરના રાજાના સો સાળાઓ (મહાભારત) (૩)
૧૫. અસામાન્ય, અજોડ (૩)
૧૬. ઝવેરાત, સંપત્તિ (૨)
૧૮. ડર, બીક (૨)

શબ્દાવલી ૫૨૬૮ના જવાબ

આડી ચાવી :- (૧) સંગીત (૪) અંતર્યામી (૭) મતમતાંતર (૯) સદરો (૧૦) આભા (૧૨) વિદુષી (૧૩) મલાજો (૧૪) કોસ (૧૫) રામરાજ (૧૭) કદરૂપુ (૧૯) મનવા (૨૦) જાહનવી

ઊભી ચાવી :- (૧) સંમતિ (૨) ગીત (૩) તમસ (૪) અંતરો (૫) તર (૬) મીતભાષી (૮) તાંદળજો (૧૦) આદુ (૧૧) યમસદન (૧૨) વિરામચિહ્ન (૧૪) કોકમ (૧૬) જગ (૧૮) રૂવા

કોર્ટમાં ફરિયાદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરી લીધું હતું. આ દરમિયાન સાધકોને આશ્રમમાં આવતા અટકાવી સર્ચ વોરંટ બતાવ્યા વિના સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. સુરતના ડી.સી.પી. શોભાબેન ભૂતડાએ કોમ્પ્યુટરો પોલીસ કબજા હેઠળ લઈ રૂમની જડતી દરમિયાન વીડીયો રેકોર્ડીંગ કરી ફાઈલો કબજે લીધી હતી. ડી.સી.પી. સહીત અન્ય પોલીસના અધિકારીઓ તેમજ ૩૦ જેટલા પોલીસ સ્ટાફના માણસોએ સાધકો પર અમાનુષી રીતે ત્રાસ ગુજાર્યો હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે. જયારે આશ્રમના વહીવટના તમામ સાહિત્ય, ફાઈલો, હિસાબના ચોપડા કોમ્પ્યુટરની હાર્ડ ડીસ્કો, પેનડ્રાઈવ પણ પોલીસે બિનઅધિકૃત રીતે કબજે લીધી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. પોલીસે ક્રિમીનલ પ્રોબીઝર કોડની જોગવાઈઓના પેરામીટરમાં રહીને કાયદાની તમામ જોગવાઈઓને ફોલો કરી ન હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે. આ મામલે આસારામ આશ્રમના સાધકે વકીલ બી.એમ. ગુપ્તા તેમજ સંજયસિંહ વાઘેલા મારફતે ગાંધીનગર કોર્ટમાં ફરિયાદ દાખલ કરી ન્યાયી કાર્યવાહી માટે અરજ કરી છે.

પલ્સ પોલિયો અભિયાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ કરવામાં આવનાર છે. પલ્સ પોલિયો અભિયાન વહેલી સવારથી જ શરુ કરવામાં આવશે. હાઈરીસ્ક વિસ્તારો માટે ખાસ મોનીટરની નિમણુંક કરવાની સૂચના પણ રાજય સરકારમાંથી આવી છે અને આ મોનીટર વર્ગ-૧ અથવા વર્ગ-૨ના અધિકારી હશે. મળતી વિગતો પ્રમાણે પલ્સ પોલિયો અભિયાન તંત્ર દ્વારા આ વખતે લગ્નસરાની સિઝન શરુ થતાં પૂર્વે થઈ રહી છે તેથી તેનો સારો પ્રતિસાદ મળે તે માટે સ્વૈચ્છિક સંસ્થાઓને પણ સાથે રાખી આગળ વધવાનું વિચારી રહેલ છે. જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષથી એક પણ પોલિયોનો કેસ નોંધાયો નથી તે એક વિક્રમ છે. પલ્સો પોલિયો અભિયાન એ આરોગ્યતંત્રનું સૌથી મોટું અભિયાન હોવાથી જિલ્લામાં આ વખતે ૮૦૦થી પણ વધુ બુથ ઉભા કરી આયોજનમાં આગળ વધી રહ્યું છે.

સહેલાણીઓનો ઘસારો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ડિસેમ્બરના રોજ સ્ટેજ-૧ પર ગુજરાતી-હિન્દી પ્લે બેક સીન્ગીંગ, ખાનગી શાળાના વિદ્યાર્થીઓ દ્વારા કાર્યક્રમ તેમજ સ્ટેજ-૨ પર શાળાના કાર્યક્રમ, ભારત ભક્તિ કેરાલા, પ્રોફેશનલ ગ્રુપ અને સ્ટેજ-૩ પર રોક બેન્ડ, શાળાનો કાર્યક્રમ, પ્રોફેશનલ ગ્રુપના કાર્યક્રમો યોજાશે. દરેક કાર્યક્રમોની પૂર્ણાહુતિ પછી લેસર-શો તથા આતશબાજી કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે ૩૧મી ડિસેમ્બર સુધી ચાલનાર આ ફેસ્ટીવલમાં અલગ અલગ શાળા અને પ્રોફેશનલ ગ્રુપ દ્વારા પરફોર્મન્સ આપવામાં આવશે જે જોવા હજારો સહેલાણીઓનો ઘસારો કાંકરીયા ખાતે આવે છે. કાંકરિયા કાર્નિવાલને લઈને પોલીસ દ્વારા પણ સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે. સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. કોઈ પણ અનિચ્છનિય બનાવને ટાળવા પણ પગલા લેવાયા છે.

પાણીની ટાંકી તુટી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બપોરના સમય સુધી તંત્રને આ ઘટનાની જાણ સુધ્ધા ન હતી. રહીશોના જણાવ્યા મુજબ આ મામલે અગાઉ સ્થાનિક ઈન્કવાયરી કમિટી ઉપરાંત પાટનગર યોજના ભવનના જવાબદાર અધિકારીને રજૂઆત કરવા છતાં કોઈ પગલા લેવાયા નથી. એક બાજુ શહેરના જોખમી આવાસો તોડી પાડવામાં પણ તંત્ર નિરસતા સેવી રહ્યું છે. બીજી તરફ દાયકાઓ જૂના મોટા ભાગના આવાસો પડવાના વાંકે ઉભા હોવાથી નિર્દોષ નાગરિકો ગમે ત્યારે દુર્ઘટનાનો ભોગ બને તેમ છે.

કવાયત આરંભી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બીજા તબક્કાની બેઠકમાં સંભવીત ઉમેદવારોના નામો અંગે ચર્ચા વિચારણા કરીને પાંચ નામોની એક પેનલ યાદી તૈયાર કરવામાં આવશે અને જિલ્લા આગેવાનો નિરીક્ષકો સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ પ્રદેશ નેતાગીરી આ નામો પર ચર્ચા કરીને ત્રણ નામોની આખરી પેનલ યાદી તૈયાર કરશે.

પ્રદેશ નેતાગીરી જાન્યુઆરી માસના બીજા અથવા ત્રીજા સપ્તાહમાં સંભવીત ઉમેદવારોની પેનલ યાદી તૈયાર કરશે અને મોવડીમંડળ દ્વારા નિમવામાં આવનાર નિરીક્ષકોને આ પેનલ યાદી સુપરત કરશે. અને નિરીક્ષકો લોકસભા બેઠકોમાં સ્થાનિક આગેવાનો કાર્યકરો પાસેથી મંતવ્યો મેળવીને આ પેનલ યાદી સાથે પોતાનો અહેવાલ મોવડીમંડળને સુપરત કરશે.

સચ્ચાઈને કોર્ટની સ્વીકૃતિ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અદાલતના નિવૃત્તિ ન્યાયાધીશ જસ્ટીસ નાણાંવટીના નેતૃત્વમાં સર્વોચ્ચ અદાલતની સલાહ અનુસાર નિમવામાં આવ્યું હતું. તપાસ પંચમાં અનેકાનેક એફઆઈઆર દાખલ થઈ હતી અને તેની તપાસ પણ શરૂ કરવામાં આવી હતી. દરમિયાન રાષ્ટ્રીય માનવઅધિકાર અયોગ અને કેટલાંક સ્વૈચ્છિક સંગઠનોએ સર્વોચ્ચ અદાલતનો સંપર્ક કર્યો અને સર્વોચ્ચ અદાલતે સીબીઆઈના પૂર્વ નિયામકને અધ્યક્ષપદે ખાસ તપાસ ટુકડીનું ગઠન કર્યું. એસઆઈટીના સભ્યોની પસંદગી અને નિમણુંક પણ સર્વોચ્ચ અદાલતે જ કરી હતી. સને ૨૦૦૨ના કોમી રમખાણોના સાડા ચાર વર્ષ પછી તા. ૮-૬-૨૦૦૬ના જાકીયા ઝાફરીએ કેટલાક લેખોના સંગ્રહના આધારે લાંબીલચક અને ધડમાથા વગરની ફરિયાદ કરી મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને લક્ષ્ય બનાવી તેમના સહિત ૬૩ વ્યક્તિઓ સામે દાખલ કરી હતી. પોલીસ મહાનિદેશક અને અધિક પોલીસ મહાનિદેશ કક્ષાના અધિકારી સ્તરેથી પરિયાદીનું નિવેદન લેવા માટેના અવારનવારના પ્રયાસો છતાં ફરિયાદી જાકીયા જાફરી પોલીસ સમક્ષ આવ્યા નહીં તેને બદલે તેમણે હાઈકોર્ટનો આશરો લીધો, હાઈકોર્ટે ફરિયાદી સીઆરપીસી કલમ-૧૯૦ અન્વયે મેજીસ્ટ્રેટ સમક્ષ જઈ શકે છે તેવા નિર્દેશ સાથે ફરિયાદની પીટીશન નકારી દીધી. ફરિયાદી આથી સર્વોચ્ચ અદાલતમાં રજુઆત માટે ગયા. તપાસને અંતે એસઆઈટીએ એપ્રિલ-૨૦૧૧માં તેનો અહેવાલ સર્વોચ્ચ અદાલતમાં આપ્યો. આ ક્લોઝર રીપોર્ટમાં નરેન્દ્ર મોદી અને તેમની સરકારને ક્લીનચીટ આપવામાં આવી જેની સાથે સર્વોચ્ચ અદાલત પણ સહમત થઈ હતી. આમ છતાં, સર્વોચ્ચ અદાલતે એસઆઈટીને એવા દિશાનિર્દેશ આપ્યા કે તેને સંબંધિત કોર્ટમાં પોતાનો અહેવાલ આપવો જોઈએ. મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ દ્વારા બંને પક્ષોને સાંભળવામાં આવ્યા અને ફરિયાદી દ્વારા ઉભી કરવામાં આવેલી તમામ બાબતોની પણ તેમણે તપાસ કરી.

નરેન્દ્ર મોદીને ક્લિનચીટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ફોજદારી કેસ નરેન્દ્ર મોદી અને અન્ય આરોપીઓ સામે બની શકે નહીં. સીટ દ્વારા નિષ્પક્ષરીતે તપાસ કરવામાં આવી છે. ગુલબર્ગ સોસાયટી હત્યાકાંડ બનાવ ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ના દિવસે અમદાવાદના મેઘાણીનગર વિસ્તારમાં બન્યો હતો. આ હત્યાકાંડમાં કોંગ્રેસના ભૂતપૂર્વ સાંસદ અહેસાન જાફરી સહિત ૬૯ લોકોના મોત થયા હતા. સુપ્રીમ કોર્ટ દ્વારા નિમવામાં આવેલી સીટે જાકિયા જાફરીના આક્ષેપોમાં તપાસ કરી હતી. સીટના વડા આરકે રાઘવને આઠમી ફેબ્રુઆરી ૨૦૧૨ના દિવસે અંતિમ રિપોર્ટ રજુ કર્યો હતો જેમાં જણાવવામાં આવ્યુ હતુ કે નરેન્દ્ર મોદી સામે ખટલો ચલાવવા માટે કોઈ પણ પૂરતા પૂરાવા નથી. સીટ દ્વારા અન્ય ૫૭ લોકોને પણ ક્લીનચીટ આપવામાં આવી હતી. ત્યારબાદ જાકિયા જાફરી દ્વારા અરજી દાખલ કરવામાં આવી હતી. પરંતુ સીટે તેની તપાસનો જોરદાર બચાવ કર્યો હતો અને કહ્યુ હતુકે પ્રોટેસ્ટ પિટિશન માત્ર કલ્પના સમાન છે. રાઘવને કહ્યુ હતુ કે તેઓ કોઈના દ્વારા પણ ચકાસણી માટે તૈયાર છે. નરેન્દ્ર મોદીના મામલામાં તપાસ કરવા સુપ્રીમ દ્વારા નિમવામાં આવેલા વરિષ્ઠ એડવોકેટ રાજુ રામચંદ્રને કહ્યુ હતુ કે આ મામલામાં તપાસ થઈ શકે છે. રામચંદ્રને સુપ્રીમ કોર્ટમાં અહેવાલ રજુ કર્યો હતો જેમાં મોદી સામે આક્ષેપ કરવામાં આવ્યા હતા. સસસનાટી પૂર્ણ ગુલબર્ગ હત્યાકાંડ કેસ મામલામાં ૩૦મી સપ્ટેમ્બરના દિવસે આ મામલામાં કાર્યવાહી પૂરી કરી લેવામાં આવી હતી. કોર્ટે સીટના તપાસ અહેવાલના ૨૫ હજાર પાનામાં ચકાસણી કરી હતી. વધુમાં જાકિયા જાફરીએ પ્રોટેસ્ટ અરજી દાખલ કરી હતી. સીટે પણ રિજોઈન્ડર તરીકે લેખિત જવાબ રજુ કર્યો હતો. ૧૨મી સપ્ટેમ્બર ૨૦૧૧ના દિવસે સુપ્રીમકોર્ટે કહ્યુ હતુ કે ને આ કેસમાં મોનિટર તરીકેની ભૂમિકામાં રહેશે નહીં. મોદીને આજનો ચુકાદો ખૂબ મોટી રાહત આપે તેવો છે. મેજિસ્ટ્રેટ બીજે ગણાત્રાના ચુકાદા બાદ ભાજપની છાવણીમાં ખુશી દેખાઈ હતી. આગામી વર્ષે યોજાનારી રાષ્ટ્રીય ચૂટણીને લઈને એક બાજુ મોદી આક્રમક ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત છે ત્યારે ભાજપના કાર્યકરોમાં પણ નવો જુસ્સો આવી ગયો છે.

રાસલીલા ભાગવતનું હૃદય છે : પૂજય ગુરૂમા

આજે પાંચમા દિવસે બપોરની કથામાં કૃષ્ણચરિત્રની કથામાં આગળ બોલતાં પૂ. ગુરૂમાએ જણાવ્યું કે, કૃષ્ણ દ્વારા કરાયેલી માખણની ચોરી એ વાસ્તવમાં ચોરી નથી, તે તો બાલ સહ દિવ્યલીલા છે. આ ચોરીમાં ગોપીઓને પોતાના માખણની કૃષ્ણે કરેલી ચોરીની જણકારી હોય છે. વળી તેમની મનની ઈચ્છા પણ એવી રહેતી કે કૃષ્ણ તેમને ઘેર આવી માખણ ચોરીને આરોગે. વાસ્તવમાં સમગ્ર સંસારના સ્વામી ભગવાન પોતે છે. તે જેને જે કાંઈ આપે છે તેની પાસેથી તેઓ લે તે ચોરી નથી. કૃષ્ણ દ્વારા થતી ચોરી સુખ અને આનંદ આપે છે. તેમની લીલા જીવોને આકર્ષવા માટે છે.

આગળ કથામાં જણાવ્યું કે, વ્રજવાસીઓ માટે કઠપૂતળી જેવા બાળકૃષ્ણ માખણ માટે ગોપીઓ સમક્ષ ગાતા, નાચતા કે તેમના કામોમાં મદદ કરવા પણ લાગી જતા તે તો પ્રેમને પરવશ છે. વનમાં વસ્તાસુર, અઘાસુર (અજગર)નો વધ તથા તેમના મોક્ષની કથા આવી. ત્યાર પછી યમુનામાં નદીમાં રહીને તેનાં જળને લોકો તથા ગાયો માટે નિરુપયોગી બનાવનાર કાલીયા નાગ સાથે યુદ્ધ અને તેનું મર્દન તથા તેણે ભગવાનની શરણાગતિ સ્વીકાર્યા પછી જીવનદાન આપે, યમુનામાંથી તેને સાગરમાં રવાના કરવાની વાત આવી. ભગવાનના ક્રોધ પાછળ પણ કૃપા છુપાયેલી હોય છે. અનુગ્રહ હોય છે. વ્રજવાસીઓને વનમાં બે વાર દાવાગ્નિથી બચાવ્યા અને પ્રલંબાસુરનો વધ કરી તેને મોક્ષ આપ્યો.

વ્રજની ગોપિકાઓ જે વયમાં મોટી હતી તે કૃષ્ણ પ્રત્યે વાત્સલ્યભાવ રાખતી હતી અને જે સમવયસ્ક કે થોડી નાની અથવા મોટી હતી તેમને કૃષ્ણ તરફ ખેંચાણ હતું તેમના તરફ આકર્ષાતી હતી અને તેમને પતિ તરીકે પામવા ઈચ્છતી હતી. કૃષ્ણની વાંસળીના સૂરો તેમને ઘેલી બનાવી દેતા. વૃંદાવનની ભૂમિ નિર્મળ સૌંદર્યવતી હતી અને ત્યાંનું વાતાવરણ આનંદમય હતું. વૃંદાવન કૃષ્ણને અતિપ્રિય છે. તેઓ જયારે વાંસળીના સૂરો છેડે ત્યારે ગાયો, હરણો, ગોપબાલિકાઓ તેના નાદમાં તન્મય થઈ ભાન ભૂલી જતાં. તેના સૂરો ગોપીના હૃદયમાં સીધા ઉતરી જતા અને તેઓ ભાવસમાધિ-પ્રેમસમાધિમાં ડૂબી જતી. તેને માટે ગોપીઓએ કરેલી ચર્ચાને વેણુગીત કહેવાય છે.

ગોપી તો વાંસળીને ભાગ્યવાન સમજે છે, કેમ કે તે સતત કૃષ્ણની પાસે રહે છે. યમુનામાં સ્નાન કરતી ગોપબાળાઓનાં વસ્ત્રો કૃષ્ણ હરી જાય છે. વનજીવનમાં તેઓ વૃક્ષોનું મહત્વ અને તેમની રક્ષા કરવાની વાત સમજાવે છે.

પછીની કથામાં વ્રજવાસીઓ વરસાદના દેવ ઈન્દ્રને પોતાના ભગવાન માને છે અને દર વર્ષે તેમનો યજ્ઞ અને પૂજા કરે છે પણ કૃષ્ણ નંદજીને તેમ કરવાની ના પાડે છે અને તેને બદલે ગોવર્ધન પર્વતની પૂજા કરવા જણાવે છે. તે માટે સૌ સંમતિ આપે છે. ગિરિરાજને દધિ સ્નાન કરાવે છે તેની પાસે માનસીગંગા પ્રગટ કરે છે. ગિરિરાજમાં કૃષ્ણ પોતે પ્રવેશી ગિરિરાજરૂપે પ્રગટ થાય છે અને સૌની પૂજા સ્વીકારે છે આ જાણી ઈન્દ્ર સાત દિવસ સતત વરસાદ વરસાવે છે ત્યારે ટચલી આંગળીએ ગોવર્ધન પર્વત ઊંચકી કૃષ્ણ સૌની રક્ષા કરે છે અંતે ઈન્દ્રનો ગર્વ ગળતાં લજ્જિત થઈ શરણે આવી પોતાની ભૂલનો સ્વીકાર કરે છે અને ક્ષમા માંગે છે. તેમની સાથે આવેલ કામધેનુ પણ કૃષ્ણ ભગવાનની સ્તુતિ કરે છે. અભિષેક કરે છે ત્યારે તેઓ ગોવિંદ કહેવાયા છે. કૃષ્ણે સૌને પરમધામનાં દર્શન પણ કરાવ્યાં હતાં.

પાંચમા દિવસની કૃષ્ણકથાને આજે છઠ્ઠા દિવસે તા. ૨૬-૧૨-૨૦૧૩ના રોજ પુ. ગુરૂમાએ પોતાની આલંકારિક રસીલી વાણીમાં અનુસંધાન આપતાં જણાવ્યું કે રાસલીલા એ ભાગવતનું હૃદય છે. કૃષ્ણની તે સર્વોત્તમ લીલા છે. ભગવાને હવે રાસ રમવા માટે મન બનાવ્યું. ગોપીઓને આપેલું વચન પૂરું કરવાનો સમય આવી ગયો ત્યારે ભગવાને મોરલીના કર્ણમધુર સૂરો છેડીને ગોપીઓને શરદપૂનમની રાતે રાસ રમવાનું સંગીતમય આહ્વાન કર્યું. મોરલીનો નાદ સાંભળતા જ ઘેલી ગોપીઓ બધાં કામ પડતાં મૂકીને રાતના સમયે પણ વન તરફ દોડી. એક વર્ષથી રાસલીલાની પ્રતીક્ષામાં રહેલી ગોપીઓ ભાન ભૂલીને દોડી. તેમને પ્રેમથી બોલાવી, તેમનું સ્વગાત કરી, વિનોદમાં ભગવાને તેમને ઘરે પાછી જઈને પોતાના પતિ, બાળકો, પરિવારની સેવા કરવા જણાવે છે.

રાસલીલાને શુકદેવજી અનેક વિશેષણોથી બિરદાવે છે. યમુના તટે વનની શોભામાં રાસલીલા રચાય છે ત્યારે નૃત્ય કરતી કૃષ્ણમૂર્તિ જોવા જેવી લાગે છે. વ્રજમાં આજે સાચા અર્થમાં વેકુંઠ ઉતરી આવ્યું છે. ભગવાને લીલા કરી અને અનેક વર્તુળોમાં રાસ રમતી દરેક ગોપી સાથે એક એક કૃષ્ણ યોગમાયાથી રમતમાં આવી જાય છે. કેન્દ્રમાં રાધા સાથે રહીને મોરલી વગાડતાં કૃષ્ણ છે. તેમની સુંદરતા મનમોહક છે. પીળું પીતાંબર ધારણ કર્યું છે, ગળામાં વનમાળા છે અને કરોડો કામદેવને પણ લજ્જિત કરે તેવું મનમોહક રૂપ છે. કૃષ્ણનો પ્રેમ પવિત્ર અને શંકારહિત છે. ગોપીઓએ કૃષ્ણને યાદ કરીને જે યુગલગીતો ગાયા છે તે વેણુગીત જેવાં જ છે. તેમાં ભગવાનનાં શ્રી અંગોનું વર્ણન છે.

નારદજીએ દેવકીના આઠમા બાળક કૃષ્ણ અંગેની માહિતી કંસને આપતાં તે કૃષ્ણને મારવા લાલાયિત થઈ જાય છે અનેક ઉપાયો અજમાવે છે પણ નિષ્ફળ રહે છે. કંસની રંગભૂમિમાં આવે છે ત્યારે ત્યાં સૌને તેમની ભાવના પ્રમાણે કૃષ્ણના દર્શન થાય છે. કંસને તો સાક્ષાત મૃત્યુ સ્વરૂપે જ દેખાય છે. મથુરાની ગાદી ઉગ્રસેનને આપી તેના રક્ષણની જવાબદારી પોતે સંભાળે છે. નંદબાબાને તથા ગોપબાળોને વ્રજમાં પરત મોકલે છે પછી કારાગારમાં વસુદેવ-દેવકીને મળે છે. ત્યાર પછી તેમને યજ્ઞોપવિત આપી ગુરુ સાંદીપનિને ત્યાં વિદ્યાભ્યાસ માટે મોકલાય છે. પણ વ્રજને ભૂલી શકતાં નથી અને ઉધ્ધવજીને પોતાના સમાચાર આપવા તથા વ્રજના સમાચાર લેવા વ્રજ મોકલે છે. વ્રજમાં કૃષ્ણ વિરહમાં શેકાતા માતા-પિતા, ગોપીઓ, ગોપબાળોની દશા જોઈને ઉધ્ધવજીને આઘાત લાગે છે. કૃષ્ણ માટેનો તલસાટ તેમને આશ્ચર્યમાં મૂકી દે છે. વ્રજમાં માણસો, પશુઓ, નદી, પ્રકૃતિ સઘળું કૃષ્ણના વિરહમાં રડે છે.

ફ્લોરોસીસની બિમારી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે ફ્લોરોસીસની નાની મોટી અસંખ્ય બિમારીના કેસો ગ્રામજનોમાં જોવા મળી રહ્યા છે. હવે ગ્રામજનો મીનરલ વોટરના બોટલ મંગાવી અને સારા સ્વાસ્થ્યની ચિંતા કરતા થયા છે.

ચોંકાવનારી હકીકત તો એવી પણ બહાર આવી છે કે ૯ વર્ષની વયના પાંચ જેટલા બાળકોને ફ્લોરાઈડને કારણે હજુ નાનપણથી દાંત જ ફુટયા નથી!!! ફાર્મસી કોલ